Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૧૪૭૩૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૩/૦૮/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ  માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ
સુરત.

સામેલ પરિપત્રનો તમામ શાળાઓએ ચુસ્ત અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

"નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" યોજના અન્વયે ગુજરાત રાજયમાં ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ" એક સપ્તાહ માટે જિલ્લા લેવલે જુદા-જુદા કાર્યક્રમો કરી ૮ સપ્ટેમ્બરને "વિશ્વ સાક્ષરતા દિન" તરીકે ઉજવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- સનશ/૨૦૨૨/જીઓઆઇ/ચ/
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯-૮-૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

૧. ડીપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજયુકેશન એન્ડ લીટરસી મિનિસ્ટ્રી ઓફ એજયુકેશન, ન્યું દિલ્હીના તા.૧૬/૮/૨૦૨૩ નો પત્ર.

૨. માન. સચિવશ્રી (પ્રા.અને મા. શિ.)ની તા. ૧૮/૮/૨૦૨૩ની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે.

**પ્રસ્તાવનાઃ-**

ડીપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજયુકેશન એન્ડ લીટરસી મિનિસ્ટ્રી ઓફ એજયુકેશન, ન્યું દિલ્હીના તા.૧૫/03/૨૦૨૨ના પત્રથી ગુજરાત રાજયમાં "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" યોજના અમલમાં મુકેલ છે. જેના અમલીકરણ માટે સને ૨૦૨૨-૨૦૨૭ના વર્ષ સુધી આ યોજના કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં અમલવારી કરવા મંજૂરી મળેલ છે.

ડીપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજયુકેશન એન્ડ લીટરસી મિનિસ્ટ્રી ઓફ એજયુકેશન, ન્યું દિલ્હીના તા.૧૬/૮/૨૦૨૩ ના પત્રથી "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" યોજના અન્વયે સમગ્ર ભારત દેશમાં ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ" એક સપ્તાહ માટે જિલ્લા લેવલે જુદા-જુદા કાર્યક્રમો કરી ૮ સપ્ટેમ્બરને "વિશ્વ સાક્ષરતા દિન" તરીકે ઉજવવા નકકી કરવામાં આવેલ છે. આથી ગુજરાત રાજયમાં પણ ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ" ની એક સપ્તાહ માટે ઉજવણી કરવા આથી નીચે મુજબ સુચના આપવામાં આવે છે.

૪

પરિપત્રઃ

ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ એજ્યુંકેશન ડીપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુંકેશન એન્ડ લીટરેસી ન્યુ દિલ્હીનો તા.૧૬/૦૮/૨૦૨૩નાં પત્રથી ૧ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ ની ઉજવણી કરવા અને ઉલ્લાસ એપ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે તમામ નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે સાક્ષરતા સપ્તાહનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અઠવાડિયાના સાક્ષરતા અભિયાનમાં વ્યાપક પ્રચાર માટે સામાજિક મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ સહિત પૂરતું મીડિયા કવરેજ સુનિશ્ચિત કરવા તથા સાક્ષરતા અભિયાન દરમિયાન લોગો, સ્લોગન જેવી વિવિધ પ્રવુત્તિઓથી લોકપ્રિય બનાવવા તથા શિખનારાઓને પ્રોત્સાહિત કરવા માટે ભારત સરકાર ધ્વારા સુચના આપવામાં આવેલ છે. તેની વિગતો નીચે મુજબ છે.

જીલ્લા કક્ષાએ ૧લી સપ્ટેમ્બરથી ૮મી સપ્ટેમ્બર દરમિયાન આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ ની ઉજંવણી કરવા માટેની પ્રવુત્તિઓઃ

| અ.નં. | ઇવેન્ટ/પ્રવુત્તિ | સહભાગીદારીથી કરવાની કામગીરી |
|---|---|---|
| ૧. | જિલ્લા શિક્ષણાધિકારીઓ અને જિલ્લા સાક્ષરતા મિશન ઓથોરિટી દ્વારા ઉલ્લાસ એપ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે જાગૃતિ અંગે વર્કશોપ/કોન્ફરન્સ/સેમિનાર/મીટિંગો યોજવાની રહેશે. | DIET અને તેમની ફેકલ્ટીમાં, સરકારી/સહાયિત શાળાઓનાં શિક્ષકો, NCTE હેઠળ TTIs ના પ્રતિનિધિ, HEIS (ડિગ્રી કૉલેજ/ટેકનિકલ સંસ્થાઓ) યુનિવર્સિટી/AICTE, NVS, KVS, NYKS, NCC, NSS, સ્કાઉટ્સ અને ગાઇડ્સ વગેરેની સહભાગીદારીથી કાર્યક્રમમાં જોડાવાનું રહેશે. |
| ૨. | ઉલ્લાસ એપ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ પર પંચાયત રાજ સંસ્થાઓ (PRIS) સાથે સંકળાયેલી ગ્રામ પંચાયતોમાં બેઠકો યોજવાની રહેશે. | ગ્રામ પંચાયતોના સભ્યો, ખેડૂતો, મહિલાઓ, નિવૃત્ત કર્મચારીઓ, ICDS/વન સ્ટોપ સેન્ટર, મહિલાઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સ્વ-સહાય જૂથો (SHGs), ખેડૂત ક્લબ, નવ-સાક્ષર, બિન-સાક્ષર વગેરેને જોડવાના રહેશે. |
| ૩. | રેલીઓ સાયકલ રેલીઓ / પ્રભાત ફેરી / નુક્કડ નાટક વગેરે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ULLAS એપ નવભારત સાક્ષરતા કાર્યક્રમ વિશે બેનરો અને પ્લેકાર્ડ બનાવવા. | યુનિવર્સિટી/AICTE, NVS, KVS, સ્કાઉટ્સ અને ગાઇડ્સ, NYKS, NCC, NSS સ્વયંસેવકો, આંગણવાડી કાર્યકર્તાઓ જીપીના સભ્યો હેઠળ સરકારી/સહાયિત શાળાઓ/CBSE સંલગ્ન શાળાઓ/TTIs/HEIS (ડિગ્રી કોલેજો/ટેકનિકલ સંસ્થાઓ)ના વિદ્યાર્થીઓ , ખેડૂતો, મહિલાઓ, નિવૃત્ત કર્મચારીઓ, |

| | | |
|---|---|---|
| ૪. | પોસ્ટર, પેમ્ફલેટ વોલ પેઈન્ટીંગ વગેરે દ્વારા નિરક્ષરોમાં જાગૃતિ લાવવાની રહેશે. | મહિલાઓ વગેરે પણ જોડીને આ કાર્યક્રમને સફળ બનાવવાનો રહેશે. |
| ૫. | બધા માટે શિક્ષણ જેવા વિષયો પર ચર્ચા કરવી. | |
| ૬. | રેડિયો/ જિંગલ્સ અને ટૂંકી ફિલ્મો વગેરે દ્વારા જનજાગૃતિ લાવવાની રહેશે. | કોમ્યુનિટી રેડિયો, સ્થાનિક સિનેમા અને લાઉડસ્પીકર વાન વગેરે જેવા માધ્યમોથી આ કાર્યક્રમને સફળ બનાવવાનો રહેશે. |

જીલ્લા સાક્ષરતા મિશન સત્તા મંડળ (DLMA) ની કારોબારી સમિતિમાં જીલ્લા કલેક્ટરશ્રી અધ્યક્ષશ્રી, તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી ઉપાધ્યક્ષશ્રી તરીકે નિયુક્તિ કરવામાં આવેલ છે. જેથી ૧ સપ્ટેમ્બરથી ૮ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન કે જિલ્લાની સ્થાનિક અનુકૂળતા મુજબ "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ" ની ઉજવણી કરવા માટે સમગ્ર ગુજરાત રાજયના જીલ્લા કક્ષાએ જુદી-જુદી ઈત્તર પ્રવુત્તિઓ કરી જનભાગીદારીથી કાર્યક્રમો યોજવા માટે સુચના આપવામાં આવે છે. તથા તમામ નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રીઓએ નીચે આપેલ લીંક ઉપર તમામ માહિતી અપલોડ કરવાની રહેશે.

GoogleTracker:
https://docs.google.com/spreadsheets/d/10qEYTIdAasDjs0Q0UXV6qZx7Q2IE01o2pLMAbTn-BSo/edit?usp=sharing

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

આપની વિશ્વાસુ.

(સહી)

સંયુકત સચિવ,

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ ( પ્રા.મા. અને પ્રૌઢ)નું કાર્યાલય, સ્વર્ણિમ – ૧, સચિવાલય
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ ( રા.ક.)નું કાર્યાલય, સ્વર્ણિમ – ૨, સચિવાલય
- સચિવશ્રી (પ્રા.શિ. અને માધ્યમિક શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.શિ. અને ટે.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ કલેકટરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પંચાયતોના પ્રમુખશ્રીઓ
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર
- તમામ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા